CS (Main) Exam,2021

HXS-B-GJT

ગુજરાતી / GUJARATI

પેપર II / Paper II

(સાહિત્ય) / (LITERATURE)

સમય મર્યાદા : ત્રણ કલાક *Time Allowed : **Three** Hours*	મહત્તમ ગુણ : **250** *Maximum Marks : **250***

પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક 1 અને 5 ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો એક પ્રશ્ન પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

Question Paper Specific Instructions

Please read each of the following instructions carefully before attempting questions :

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

The number of marks carried by a question / part is indicated against it.

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

Word limit in questions, wherever specified, should be adhered to.

Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.

Optional Province · optionalprovince.com

SECTION A

Q1. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો. *10×5=50*

(a) મહા રોગની રીત, પ્રીત વિશે પ્રત્યક્ષ છે,
કોઈ ન કરશો પ્રીત, પ્રીત કરે દુઃખ પ્રાણને. *10*

(b) મન બુધ્ય ચિત્ત અહંકાર જે, તે સત્ત્વગુણથી ઊપનાં;
એ સૃષ્ટિનાં ચોવીસ કારણ માયા-શમલિત રૂપનાં. *10*

(c) ઈમ દેખી રિધિ કામની કામિની કિન્નરકંઠિ
નેહગહેલીય માનિની માનની મૂકઈ ગંઠિ. *10*

(d) ઉપાન-રેણુએ અભ્ર છાયો, શું સૈન્ય મોટું જાય ?
પથિક મારગ જે મલે, તે જોઈ વિસ્મય થાય. *10*

(e) હૈયાના હોજમાંથી આ શું પાણી છલકાય છે ?
પ્રેમ છે, એ નહીં બીજું, પ્રતીતિ એમ થાય છે. *10*

Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક ચર્ચા કરો.

(a) 'કાદંબરી'ને આધારે આખ્યાનકાર અને અનુવાદક ભાલણ. *20*

(b) 'ચંદ્રચન્દ્રાવતીની વારતા' ને આધારે પદ્યવાર્તાકાર શામળ. *15*

(c) 'રાઈનો પર્વત' નાટયકૃતિ તરીકે. *15*

Q3. સદૃષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો.

(a) 'સરસ્વતીચંદ્ર' ભાગ-૧ પાત્રાલેખન સંદર્ભે. *20*

(b) 'વસંતવિલાસ' ફાગુકાવ્ય તરીકે. *15*

(c) 'પૂર્વાલાપ'નાં ખંડકાવ્યો. *15*

Q4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો.

(a) 'ભાષાને શું વળગે, ભૂર ?' સંદર્ભે 'અખેગીતા'માં અખાનું કવિત્વ. *20*

(b) 'સુદામાચરિત્ર' મૈત્રીકાવ્ય કે ભક્તિકાવ્ય ? *15*

(c) 'મારી હકીકત' ખરડો કે આત્મકથા ? *15*

Optional Province · optionalprovince.com

SECTION B

Q5. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો. *10×5=50*

(a) પશ્ચિમનો સુધારો નિરીશ્વરી છે, હિન્દી સુધારો સેશ્વરી છે. *10*

(b) કોઈ એક ક્ષણની જવનિકા હટાવી મૃત્યુ સ્વયં બોલી રહેશે :
લે, પ્રભુ સાથે તારે હાથ મિલાવવા હતા ને ? *10*

(c) ગહન નિધિ હું, મોજું યે હું, વળી ઘનવર્ષણ,
અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન. *10*

(d) સૃષ્ટિ પોતે દેખાતી નથી, સૃષ્ટિની પાણ્ડુલિપિ માત્ર દેખાય છે. *10*

(e) કાવ્યજીવન હીન વૃત્તિ વહે તો આત્માને હણે. *10*

Q6. સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો.

(a) 'હિંદ સ્વરાજ' એ 'સરસ્વતીના મનોરાજ્ય' જેવું એક ભારતપ્રેમી કવિનું સ્વપ્ન છે. *20*

(b) 'કાવ્યની શક્તિ'માં વ્યક્ત થયેલી રા.વિ. પાઠકની કાવ્યવિચારણા. *15*

(c) 'ધ્વનિ'નાં ગીતો. *15*

Q7. નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો.

(a) 'પાટણની પ્રભુતા' – સત્તાસંઘર્ષની કથા કે પ્રણયકથા ? *20*

(b) 'સપ્તપદી'માં કવિની વૈચારિક અભિવ્યક્તિ. *15*

(c) 'જનાન્તિકે'ની ભાષાશૈલી. *15*

Q8. સમીક્ષાત્મક નોંધ લખો.

(a) 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૧માં પ્રેમશૌર્યનાં ચિત્રાંકનો. *20*

(b) 'માનવીની ભવાઈ' જાનપદી નવલકથા તરીકે. *15*

(c) 'અશ્વત્થામા' નાટ્યકૃતિ તરીકે. *15*

Optional Province · optionalprovince.com